C:\Documents and Settings\P A\Desktop\Hv-13.doc

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક 3
28 JAN 2013
25845

સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત રાજ્ય હજ સમિતિ,
પરિપત્ર ક્રમાંકઃ હજસ-૧૦-૨૦૧૩-ભા.સ.૮૭૦-હ.સ.
બ્લોક નં.૮, આઠમો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૩-૧-૨૦૧૩

8 FEB 2013

**પરિપત્ર :-**

કેન્દ્ર સરકારનું વિદેશ મંત્રાલય દર વર્ષે હજયાત્રા શરૂ થાય તે પહેલાં વિવિધ રાજ્યોમાંથી હજયાત્રિકોની સેવા તથા માર્ગદર્શન માટે સાઉદી અરેબિયા ખાતેના કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા, જીદાહ હેઠળની હજની કામગીરીમાં મદદરૂપ થવા માટે મોકલવામાં આવનાર હજ વોલન્ટીયર્સ માટેની નામાવલી મંગાવે છે. તદઅનુસાર હજ-૨૦૧૩ માટે કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલય (હજ સેલ), નવી દિલ્હી ધ્વારા તેમની તા.૧૫-૧-૨૦૧૩ની કચેરી યાદી ક્રમાંકઃ M(Haj)/1183/KUH/1(Main)/2013 મોકલી આપેલ છે જે આ સાથે બીડેલ છે. ઉક્ત કચેરી યાદી સાથેના પરિશિષ્ટ-A માં હજ વોલન્ટીયર્સની પસંદગી માટેની માર્ગદર્શક સૂચનાઓ, પરિશિષ્ટ-B માં તેઓની ફરજો અને પરિશિષ્ટ-C માં અરજીનો નિયત નમૂનો મોકલી આપેલ છે.

ભારત સરકારના ઉક્ત કચેરી યાદીના પરિશિષ્ટ- A માં નિયત કરેલ ધોરણો તથા નીચે દર્શાવેલ શરતોને આધીન ગુજરાત સરકારના સચિવાલયના વિવિધ વિભાગો, ખાતાના વડા, ક્ષેત્રિય કચેરીઓ, વિવિધ બોર્ડ-નિગમ અને પંચાયતોના અધિકારીઓ-કર્મચારીઓ પાસેથી આ સાથેના નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. આ અંગેની અરજીઓ સંબંધિત વિભાગ/ખાતા/કચેરી/બોર્ડ/નિગમ/પંચાયતોની કચેરીઓએ નિયત કરાયેલ ધોરણો/શરતોની ચકાસણી કરી તે વિગતોની રેકર્ડના આધારે ખરાઈ કરી જરૂરી પ્રમાણપત્ર સાથે નિયત નમુનામાં **મોડામાં મોડી તારીખઃ-૨૮-૨-૨૦૧૩ સુધીમાં** ગુજરાત રાજ્ય હજ સમિતિને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામાં આવશે નહીં, તેની ખાસ નોંધ લેવા વિનંતી.

**અરજીની ચકાસણી વખતે નીચેના ધોરણો ખાસ ધ્યાને લેવાના રહેશે.**

(૧) અરજદાર હજ કમિટી ઓફ ઈન્ડીયા-રાજ્ય હજ સમિતિ ધ્વારા આયોજીત ઓરિએન્ટેશન-ટ્રેનીંગ કેમ્પમાં ભાગ લીધેલ હોવો જોઈએ. જે ઉમેદવારોની હજ વોલન્ટીયર તરીકે પસંદગી થશે અને તેઓએ ઓરિએન્ટેશન-ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લીધેલ નહીં હોય તેઓને અત્રેથી આવી ટ્રેનીંગ આપવામાં આવશે.

ક્રમાંક: પરચ/૨૩/૨૦૧૩/૯૦/મ.૩.
કૃષિ અને સહકાર વિભાગ.
તા. ૦૧/૦૨/૨૦૧૩

પ્રતિ,
- વિભાગ હેઠળના સર્વે ખાતાના/વડા/બોર્ડ/નિગમ/ એજન્સી/ કૃષિ યુનિ.ઓ.
- સેક્શન અધિકારીશ્રી, મ શાખા, કૃષિ અને સ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સારુ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

7 FEB 2013

(૨) અરજદાર મુસ્લિમ (ફક્ત પુરુષ) તા.૧–૭–૨૦૧૩ના રોજ ૨૫ થી ૫૦ વર્ષની વય મર્યાદા ધરાવતો હોવો જોઇએ અને આ અંગેના જરુરી પુરાવા રજુ કરવાના રહેશે. અરજદાર શારીરિક રીતે તંદુરસ્ત (medically fit) હોવો જોઇએ અને તે મતલબનું સરકારી તબીબી અધિકારીનું પ્રમાણપત્ર બીડેલ હોવું જોઇએ અથવા અરજદારની પસંદગી થયેથી તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉમેદવાર જનસમૂહની સારસંભાળ લઇ શકે તેવો તથા જનસમૂહને સમજાવટથી કામ કરી શકે તેવી આવડત–અનુભવ ધરાવતો હોવો જોઇએ.

(૩) અરજદાર વર્ગ–૧ કે તેથી ઉપલીકક્ષાના રાજ્ય સરકારના સિનિયર અધિકારી અથવા તો અખિલ ભારતીય સેવા. સંવર્ગના અધિકારી અથવા રાજકીય નેતા, ધારાસભ્યશ્રી અથવા રાજય હજ સમિતિના સભ્ય ન હોવા જોઇએ.

(૪) **ફક્ત સરકારી કર્મચારી જ પસંદગીને પાત્ર થશે.**

(૫) અરજદાર સાથે તેના કુટુંબના કોઇ સભ્ય હજ માટે જતા નથી તેવું સોગંદનામું અરજદારે અરજી સાથે સામેલ રાખવું.

(૬) અગાઉ હજ કરેલ હોય તેવા અનુભવી તેમજ અરબી ભાષાના જાણકાર હોય તેવા અરજદારને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

(૭) પસંદ થયેલ અરજદારે પોતાના રાજયના હજયાત્રિકોની સાથે જ હજયાત્રામાં જવાનું રહેશે.

(૮) અરજદારની નિયત નમુનામાં અરજીમાંની તમામ વિગતો સંબંધિત વિભાગ/ખાતા/ કચેરી/બોર્ડ/ નિગમ/ પંચાયતની કચેરી ધ્વારા રેકર્ડના આધારે ખરાઇ કરી જરૂરી પ્રમાણપત્ર સાથે નિયત સમયમર્યાદામાં અત્રે મોકલવાની રહેશે.

(૯) અરજદારની અરજી સંબંધિત વિભાગ–ખાતા ધ્વારા અત્રે મોકલતાં પહેલાં અરજદારના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલના આધારે કામગીરીનું સર્વગ્રાહી મૂલ્યાંકન તથા ફરજ નિષ્ઠાની ચકાસણી કરી તે અંગેની સ્પષ્ટતા સહિત અત્રે અરજી મોકલવાની રહેશે.

(૧૦) હજવોલન્ટીયર્સની પસંદગી માટે અરજદાર ધ્વારા રાજકીય દબાણ/રાજકીય ભલામણો કરાવવી નહીં. આવી ભલામણો કરાવનાર અરજદારની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં અને આવા અરજદાર સામે નિયમાનુસાર કાર્યવાહી કરવા સંબંધિત વિભાગ/ખાતાના વડાને જણાવવામાં આવશે.

(૧૧) અધુરા દસ્તાવેજો /ડોકયુમેન્ટસવાળી અરજીઓ જરુરી વિચારણા માટે ભારત સરકારને મોકલવામાં આવશે નહીં.

(૧૨) અરજદાર અંગ્રેજી/અરબી ભાષાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

(૧૩) પસંદગી પામેલ હજ વોલન્ટીયર્સનો કુલ ખર્ચ કે જે આશરે રૂ.૧,૭૦,૦૦૦/– જેટલો થશે તે પૈકી ૩૦ ટકા **રકમ પસંદગી પામેલ અરજદાર પોતે ભોગવવાની રહેશે જયારે બાકીની ૭૦ ટકા રકમ સંબંધિત વિભાગ/ખાતા/કચેરી–બોર્ડ/નિગમ/પંચાયત ધ્વારા ભોગવવાની રહેશે.** હજ વોલન્ટીયર્સ જે દિવસથી પોતાના મુખ્યમથકમાંથી નીકળી સેવા બજાવ્યા બાદ મુખ્ય મથકમાં પરત આવે ત્યાંસુધી (અંદાજે લગભગ ૪૫ થી ૪૮ દિવસ)ના સમયગાળા દરમ્યાન તેમને ફરજ ઉપર (on duty) ગણવાના રહેશે.

(૧૪) **છેલ્લા પાંચ વર્ષ** દરમ્યાન હજ વોલન્ટીયર્સ **તરીકે સેવા બજાવેલ હોય** તેવા અરજદારોની પસંદગી કરવામાં આવશે નહીં.

(૧૫) હજ વોલન્ટીયર્સની પસંદગી અંગેનો સ્ક્રીનીંગ કમિટી/રાજય સરકારનો નિર્ણય આખરી ગણાશે અને તે ભારત સરકારના વિદેશ મંત્રાલયની મંજૂરીને આધીન રહેશે.

(૧૬) અરજદાર હજની વિધિઓ (અરકાન)ની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

(૧૭) જે હજ વોલન્ટીયર્સ અંગે કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા અથવા વિદેશ મંત્રાલય તરફથી તેમની કામગીરી બાબતમાં અત્રે વિરુધ્ધ અહેવાલ મળશે તેવા હજ વોલન્ટીયર્સ પાસેથી સાઉદી અરેબિયા ખાતે મોકલવાનો થયેલ તમામ ખર્ચ પરત વસુલ કરવામાં આવશે.

(૧૮) અરજદાર સાઉદી મોઅલ્લીમ સાથે કોઇ સંબંધ ધરાવતો ન હોવો જોઇએ તથા હજયાત્રીઓ પાસેથી નાણાકીય અથવા અન્ય કોઇ લાભ સ્વીકારી શકશે નહીં. ખાદીમુલ હુજ્જાજ તરીકે તેઓએ હજયાત્રીઓને વિના મૂલ્યે સેવા આપવાની રહે છે.

(૧૯) પસંદગી પામેલ અરજદારોએ કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયાની સૂચના અને તેઓના નીરિક્ષણ હેઠળ ફરજો બજાવવાની રહેશે. તેઓએ નિયમિત રીતે ઉકત કચેરીને રીપોર્ટ કરવાનો રહેશે અને તેઓની સેવાની જયારે પણ આવશ્યકતા હોય ત્યારે તેઓએ તરત જ હાજર થવાનું રહેશે. તેઓએ સાઉદી અરેબિયા ખાતે બજાવેલ કામગીરી અંગેનો અહેવાલ કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા તથા ગુજરાત રાજય હજ સમિતિને રજૂ કરવાનો રહેશે.

(૨૦) પસંદગી કરવાને પાત્ર કુલ ખાદીમુલ હુજ્જાજના ૧૫ ટકા રાજય હજ સમિતિ અને રાજય વકફ બોર્ડના કર્મચારીઓની પસંદગી કરવામાં આવશે. રાજય વકફ બોર્ડના કર્મચારીઓના કિસ્સામાં રાજય સરકારના વર્તણૂક નિયમો લાગુ પડતા હોય તેવા જ કર્મચારીઓની ખાદીમુલ હુજ્જાજ તરીકે પસંદગી કરવામાં આવશે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ટી.એ.સૈયદ )
સચિવ,
ગુજરાત રાજય હજ સમિતિ.

પ્રતિ

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (૨ નકલો સાથે)
  – ઉપર્યુકત પરિપત્ર તેમના હસ્તકના ખાતાના વડા/ક્ષેત્રીય કચેરીઓ/બોર્ડ/નિગમ/પંચાયતોને તાત્કાલિક પરિપત્રિત કરી તેની અત્રે જાણ કરવાની વિનંતી સહ.
  સામાન્ય વહીવટ વિભાગ "ઘ" શાખા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
- સચિવશ્રી, ગુજરાત રાજય વકફ બોર્ડ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

**No M (Haj)/1183/KUH-1 (Main)/2013**
**Government of India**
**Ministry of External Affairs**
**(Haj Cell)**

New Delhi, 15 January 2013

**Office Memorandum**

**Subject: - Selection of Khuddam-ul-Hujjaj for Haj-2013.**

The undersigned is directed to forward herewith the following documents in connection with selection of **Khuddam-ul-Hujjaj** for **Haj -2013**.

- Guidelines for selection of Khuddam-ul-Hujjaj (Annexure-A).
- Duties of the Khuddam-ul-Hujjaj (Annexure-B).
- Prescribed form for inviting applications (Annexure-C).

2. Nominations for Khuddam-ul-Hujjaj may be sent by the State Haj Committees to this Ministry for scrutiny and approval. It may kindly be noted that **nominations should be strictly in accordance with the guidelines issued by the Ministry.** Panel of nominated names may be sent along with applications and the applicants may be advised to attend the Training / Orientation Camps organized by Haj Committee of India and State Haj Committees. The Ministry will subsequently select Khuddam-ul-Hujjaj from the Panel proposed on the basis of 1: 300 (i. e. one Khadim-ul-Hujjaj for every 300 pilgrims) after receiving confirmation from State Haj Committees that the nominated persons have attended the Training/Orientation Camps. ***The Haj Committee of India and State Haj Committees should ensure that Khuddam-ul-Hujjaj will travel along with Hajis only and in no case, they shall not be allowed to travel to Saudi Arabia after the Hajis have already reached and settled down.***

3. 15% of the total Khuddam-ul-Hujjaj will be selected from the employees of respective State Haj Committee and State Wakf Board. Nominations may, therefore, be made accordingly. All the applications should be certified either by the Chairman or Executive Officer of the concerned State Haj Committee stating that all the applications have been checked and found to be in order in all respects.

4. The applicants may send applications to their respective State Haj Committee before **February 28, 2013**.

5. Last date for receipt of nominations duly recommended by State Haj Committees is **March 15, 2013** in the Haj Cell, Ministry of External Affairs, Room No.306, ISIL Building, Bhagwandas Road, New Delhi – 110001.

ગુજરાત રાજ્ય હજ સમિતિ
સચિવાલય, ગાંધીનગર
16 JAN 2013
નોંધણી ક્રમાંક :- 870 / H.C

6. During Haj - 2009, Haj - 2010, Haj - 2011 and Haj - 2012, most of the State Haj Committees failed to send the names of nominated candidates within due date. Nominations were forwarded by many Haj Committees even after the start of Haj – flights. In many cases, supporting documents regarding date of birth etc. were not attached with the application forms. Therefore, it has been decided with the approval of competent authorities in the Ministry that

(a) Nominations received after the due date will not be entertained and respective State Haj Committees will be fully responsible for any inconvenience caused to the pilgrims on account of non-selection of KuHs.

(b) **Nominations which are incomplete and received without supporting documents will be summarily rejected (concerned State Haj Committee will be responsible for this).**

**Attache (Haj)**
**Tel: (011) 23389136**
**e-mail: ushaj@mea.gov.in**

To

1. **Executive Officers of all State Haj Committees.**
2. **Chief Executive Officer, Haj Committee of India, Mumbai**

Annexure-A

## HAJ – 2013

**Guidelines for Selection of Khuddam-ul-Hujjaj**

Each State Haj Committee may appoint one Khuddam-ul-Hujjaj for every 300 pilgrims from the State.

2. The State Haj Committees are requested to keep the following points in mind while nominating Khuddam-ul-Hujjaj. Distribution of Haj quota amongst States during Haj – 2012 is placed below at Annexure – D.

(a) Individuals (male only) should be between the age of 25 and 50 years as on **01.07.2013.** He should be an active person of sound health with experience of management of public functions.

(b) Only those persons who have attended orientation/training Camps organized by the Haj Committee of India/State Haj Committees will be considered for selection as Khuddam-ul-Hujjaj.

(c) The individuals selected should be Government servants, such as B.D.O., Tehsildar or School Teacher, etc. subject to no objection from the respective Departments. But he should not be a senior official like Class I of Central or State Government or of an All India Cadre. All nominees should have good knowledge of Haj related activities and the concerned State Haj Committees should also vouch safe their good conduct as Khuddam-ul-Hujjaj and a certificate to this effect will be attached to the application form.

(d) 15% of the total Khuddam-ul-Hujjaj will be selected from the employees of respective State Haj Committee and State Wakf Board. Executive Officer of the respective state Haj Committee shall furnish a certificate along with the application stating that all the applications have been checked properly and found in order in all respect.

(e) No family member should accompany a Khuddam-ul-Hujjaj during Haj period.

(f) He should have no connection with any Saudi Moallim. In addition, he should not accept any financial or other consideration from any pilgrim as the Khuddam-ul-Hujjaj is expected to render free social service.

(g) Preference should be given to those having knowledge of Arabic language and experience in Haj.

(h) A person who has once served as a Khuddam-ul-Hujjaj and against whom there are adverse observations by the Consulate General of India, Jeddah, will not be considered.

(i) He should travel with the pilgrims from the respective State. No Khadim-ul-Hujjaj shall be allowed to travel separately.

(j) The selected Khuddam-ul-Hujjaj may also be warned in writing that in case any adverse report on the performance of duties by a Khuddam-ul-Hujjaj is received from the Consulate General of India, Jeddah or from this Ministry, he may have to refund the entire amount of expenditure incurred by the State Haj Committee on his journey to Saudi Arabia.

(k) The State Haj Committees should arrange a brief guidance/training course for the Khuddam-ul-Hujjaj before their departure. They should be issued certificate to this effect, which should be submitted to our Consulate General on arrival at Jeddah.

3. The enclosed note detailing duties of Khuddam-ul-Hujjaj may please be got translated in the regional language of your State and a copy given to each of the persons selected for study and guidance.

4. On arrival in Saudi Arabia, each Khuddam-ul-Hujjaj should discharge his duties under the supervision and direction of the Consulate General of India. He should report to them regularly and be generally available when his services are required. Before his return to India, each Khadim-ul-Hujjaj should submit a report along with the Register to the Consulate General of India, Jeddah, on the difficulties faced by pilgrims in his charge and the services rendered by him.

5. It may be added that some of the Khuddam-ul-Hujjaj deputed to Jeddah in the past had complained to the Consulate General of India, Jeddah that there was disparity in the matter of allowances and other facilities provided by the respective State Haj Committees to the Khuddam-ul-Hujjaj. This should be avoided by following a uniform policy. With a view to enabling the Khuddam-ul-Hujjaj to discharge his duties efficiently, it is also suggested that his travel expenses from his place of residence to Jeddah and back should be borne by the State Haj Committee and he must be paid necessary advance to enable him to purchase the full quantum of foreign exchange. A pilgrim going for Haj has the option to purchase foreign exchange for Saudi Riyals 5,000 to 5,500. In addition, Khuddam-ul-Hujjaj will also be allowed an additional foreign exchange of SRLs 100/- (Saudi Riyals One Hundred Only) to meet the extra expenditure on transport etc. while in Saudi Arabia.

*******

Annexure-B

# HAJ – 2013

## Duties of Khuddam-ul-Hujjaj

The objective behind the deputation of Khuddam-ul-Hujjaj is to help and assist the Consulate General of India in Jeddah in looking after the welfare of Indian Haj pilgrims from various States in an organized manner. It is, therefore, incumbent on each Khuddam-ul-Hujjaj to be under regular and overall supervision of the Haj Officer/Assistant Haj Officer of the Consulate General of India, Jeddah.

2. Khuddam-ul-Hujjaj should be in continuous and regular contact with the pilgrims of his State whose names etc. are entered in his Register. If a pilgrim has a problem with his Moallim, Khuddam-ul-Hujjaj may, with due discretion, intervene in the matter to bring about an equitable settlement of the problem. In case a Moallim is adamant and unreasonable, a written complaint may be obtained from the pilgrim with his full particulars, e.g. pilgrim's name with parentage, address in Makkah/Madinah, pilgrim pass number, etc. The matter should then be reported to the Consul General of India, Jeddah, for further action. In dealing with Moallims, one has to be cautious about using harsh language or applying strong pressure, as it might add to the difficulties of the pilgrims as a whole.

3. On arrival in Mumbai/Delhi/Chennai/Kolkata/Bangalore, the Khuddam-ul-Hujjaj should ensure that his status is suitably marked in his International Passport and an authority letter for the issue of "Free Movement Permit" is issued to him by the Saudi Arabian Embassy/Consulate in India. He should also ensure that copies of his photograph are sent and the date of his arrival in Jeddah intimated to the Indian Consulate in advance.

4. On arrival in Jeddah, the Khuddam-ul-Hujjaj should contact the Consulate's representative and take necessary guidance before crossing the Immigration Barrier. Soon after arrival, he should meet the Haj Officer/Assistant Haj Officer for necessary briefing and hand over to him the certificate brought by him from the State Haj Committee.

5. **An important thing to be attended to by the Khuddam-ul-Hujjaj before he leaves Jeddah for Makkah/Madinah is the arrangement for the issue of "Free Movement Permit" to him by the Saudi Ministry for Foreign Affairs located in Jeddah on the basis of the authority letter issued by the Saudi Embassy/Consulate in India. The Khuddam-ul-Hujjaj should bring this to the notice of his Moallim and seek his help in getting the Free Movement Permit issued at the earliest. If there is any difficulty, it should be reported to Consul (Haj), Consulate General of India, Jeddah.**

*********

*__Annexure – C__*

**Prescribed Form for inviting applications for Khuddam-ul-Hujjaj**

**For Haj-2013**

Attention of applicants is invited toward Clause 20 of the CCS (Conduct Rules), 1964 which says, "**No Government servant shall bring or attempt to bring any political or other outside influence to bear upon any superior authority to further his interests in respect of matters pertaining to his service under Government." Ministry may initiate disciplinary action against such applicants who violate the above-mentioned clause.**

**__Nominations filled up incompletely and received without supporting documents will be summarily rejected__**

<table>
<tr><td>Sl. No.</td><td></td><td colspan="12"></td><td rowspan="4">**Attested**<br><br>**Photograph**</td></tr>
<tr><td>1</td><td>Name</td><td colspan="12"></td></tr>
<tr><td>2</td><td>Father's Name</td><td colspan="12"></td></tr>
<tr><td>3(a)</td><td>Date of Birth (attach Matriculation certificate, duly attested)</td><td colspan="12"></td></tr>
<tr><td>(b)</td><td>Age as on 01.07.2013</td><td colspan="13"></td></tr>
<tr><td>4</td><td>Whether Government Servant or not: (Please attach a copy of the Identity Card issued by the parent office)</td><td colspan="13">YES / NO (please tick)</td></tr>
<tr><td>5(a)</td><td>Name & address of the Office</td><td colspan="13"></td></tr>
<tr><td>(b)</td><td>Designation</td><td colspan="13"></td></tr>
<tr><td>6</td><td>Educational Qualification</td><td colspan="13"></td></tr>
<tr><td>7</td><td>State of health</td><td colspan="13"></td></tr>
<tr><td rowspan="3">8</td><td rowspan="3">Languages Known (other than Arabic) READ (R) WRITE (W) SPEAK (S) (Please tick)</td><td colspan="3">(1)</td><td colspan="3">(2)</td><td colspan="3">(3)</td><td colspan="4">(4)</td></tr>
<tr><td>R</td><td>W</td><td>S</td><td>R</td><td>W</td><td>S</td><td>R</td><td>W</td><td>S</td><td>R</td><td>W</td><td colspan="2">S</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td colspan="2"></td></tr>
</table>

| | | |
|---|---|---|
| 9 | Knowledge of Arabic | YES / NO (please tick) |
| 10 | Whether attended training/orientation camp or not, organized by HCOI/SHC (attach certificate) | YES / NO (please tick) |
| 11 | Experience in organizing public congregations and in social work (Please give details) | |
| 12 | Previous experience as KuH (please tick) | Yes / No (If yes, please mention years)<br>1. 2. 3. 4. |
| 13 | Any other information of interest | |

------------------------------
**Signature of applicant**

**Place:**

**Date:**

--------------------------------------------
**Seal and signature of forwarding State Haj Committee**
**Date:**

Important note:-

(i) An individual who has not attended the Training Camp will not be eligible for selection as Khuddam-ul-Hujjaj.

(ii) Incomplete application form/application form not signed and forwarded by the State Haj Committee will not be entertained.

(iii) Applications received without supporting documents (Refer Sl. No. 4, 5 and 10 of the application form) will not be entertained.

## ANNEXURE D

### STATE-WISE FINAL QUOTA AND NO. OF KUH ALLOCATED FOR HAJ 2012

| Sr. No. | Name of States/Union Territory | Quota of Pilgrims allotted (actual, after final allocation ) | Quota of KUH @ 300 pilgrims | nominations received | No. of KUH seats allocated for Haj 2012 |
|---|---|---|---|---|---|
| 1 | Andaman & Nicobar (UT) | 80 | 0 | 0 | **0** |
| 2 | Andhra Pradesh | 7387 | 24 | 19 | **19** |
| 3 | Assam | 3586 | 12 | 0 | **0** |
| 4 | Bihar | 6662 | 22 | 22 | **21** |
| 6 | Chandigarh (UT) | 60 | 0 | 0 | **0** |
| 7 | Chattisgarh | 433 | 1 | 2 | **2** |
| 8 | Dadra nagar Haveli (UT) | 21 | 0 | 0 | **0** |
| 9 | Daman & Diu (UT) | 36 | 0 | 0 | **0** |
| 10 | Delhi (NCT) | 1714 | 6 | 11 | **9** |
| 11 | Goa | 143 | 0 | 0 | **0** |
| 12 | Gujrat | 4857 | 16 | 18 | **14** |
| 13 | Himachal Pradesh | 189 | 0 | 0 | **0** |
| 14 | Haryana | 1288 | 4 | 6 | **6** |
| 15 | Jammu & Kashmir | 8673 | 29 | 33 | **28** |
| 15 | Jharkhand | 3504 | 11 | 11 | **11** |
| 16 | Karnataka | 6840 | 23 | 23 | **23** |
| 17 | Kerala | 8285 | 27 | 28 | **28** |
| 18 | Laksnadeep (UT) | 316 | 1 | 2 | **2** |
| 19 | Madhya Pradesh | 4056 | 13 | 12 | **12** |
| 20 | Maharashtra | 10844 | 36 | 42 | **40** |
| 21 | Manipur | 372 | 1 | 1 | **1** |
| 22 | Odisha | 808 | 2 | 2 | **2** |
| 23 | Pondichery (UT) | 151 | 0 | 0 | **0** |
| 24 | Punjab | 406 | 1 | 0 | **1** |
| 25 | Rajasthan | 5069 | 17 | 19 | **19** |
| 26 | Tamil Nadu | 3674 | 12 | 12 | **12** |
| 27 | Tripura | 63 | 0 | 0 | **0** |
| 28 | Uttar Pradesh | 32397 | 108 | 0 | **0** |
| 29 | Uttaranchal | 1069 | 3 | 3 | **3** |
| 30 | West Bengal | 12397 | 41 | 8 | **6** |
| | | 125380 | | 274 | 259 |

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૧૬૬૨ - ૧૭૧૧ /૨૦૧૩
નવસારી, તા.૧૧/૦૨/૨૦૧૩ ૧૨

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાનાઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.